પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૯૭ | ૧૭ જુન, ૨૦૧૯, સોમવાર; જયેષ્ઠ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આજથી ૧૭મી લોકસભાનું પ્રથમ સત્ર

**પાંચમીએ બજેટ રજુ કરાશે : મોદી સરકાર-૨ના પ્રથમ બજેટ ઉપર દેશભરની નજર રહશે : સત્રના પ્રથમ બે દિવસ નવા ચૂંટાયેલા તમામ સાંસદોની શપથમાં જશે તેમજ ૧૯મીએ લોકસભા સ્પીકરની ચૂંટણી : ૨૦મીએ રાષ્ટ્રપતિનું સંબોધન રહેશે : મોદીના નેતૃત્વમાં બનેલી નવી સરકારની થશે પરીક્ષા**



નવીદિલ્હી, તા. ૧૬

જેની ઉત્સુકતાપૂર્વક રાજકીય વર્તુળોમાં રાહ જોવામાં આવી રહી છે તે ૧૭મી લોકસભાની પ્રથમ સત્ર આવતીકાલથી શરૂ થઈ રહ્યું છે. આ સત્ર દરમિયાન જ સામાન્ય બજેટ પણ રજુ કરવામાં આવનાર છે. કેન્દ્રિય બજેટ પાંચમી જુલાઈના દિવસે રજુ કરવામાં આવશે. મોદી સરકાર નવી અવધિમાં સત્તામાં આવી ચુકી છે. આની સાથે જ બજેટ રજુ કરવામાં આવનાર છે. નવી સરકારના પ્રથમ બજેટમાં કેવા પગલા આવશે તેને લઈને સામાન્ય લોકોમાં ચર્ચા છે. હાલમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં મોદીની આંધી વચ્ચે ભારતીય જનતા પાર્ટીએ પ્રચંડ બહુમતિ મેળવી હતી. ભારતીય જનતા પાર્ટીએ એકલા હાથે ૩૦૩ સીટો જીતી લીધી હતી. જ્યારે કોંગ્રેસ પાર્ટીને માત્ર ૫૨ સીટો મળી હતી. બજેટ સત્ર દરમિયાન લોકસભામાં પાંચમી જુલાઈના દિવસે નવા નાણાંમંત્રી નિર્મલા સીતારામન વર્ષ ૨૦૧૯-૨૦ માટેનું સંપૂર્ણ બજેટ રજુ કરશે. મોદી સરકારનું આ પ્રથમ બજેટ રહેશે. સામાન્ય ચૂંટણીના અનુસંધાનમાં તત્કાલિન નાણામંત્રી પિયુષ ગોહિલ દ્વારા વર્તમાન નાણાકીય વર્ષ માટે વચગાળાનું બજેટ રજુ કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રિય કેબિનેટની બેઠક હાલમાં યોજાઈ હતી. જેમાં ૧૭મી લોકસભાનું સત્ર ૧૭મી જુનથી શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આના ભાગરૂપે આવતીકાલથી લોકસભાનું સત્ર શરૂ થશે. આ સત્ર ૨૬મી જુલાઈના દિવસો પૂર્ણ થશે. રાજ્યસભાની બેઠક ૨૦મી જુનના દિવસે શરૂ થશે. સત્રના પ્રથમ બે દિવસ દરમિયાન નવા ચૂંટાયેલા સાંસદોની શપથવિધીમાં જશે.

● અનુસંધાન પાન-૭ પર

## લોકસભામાં કોંગ્રેસનું નેતૃત્વ કોણ કરશે, હજુ અસમંજસતા

**રાહુલ ગાંધીના જિદ્દી વલણથી કોંગ્રેસ મુશ્કેલીમાં : છેલ્લી લોકસભામાં ખડગે કોંગ્રેસનું નેતૃત્વ કરી રહ્યા હતા**



નવીદિલ્હી,તા.૧૬

સંસદનું બજેટ સત્ર આવતીકાલથી શરૂ થઈ રહ્યું છે. કોંગ્રેસ હજુ સુધી લોકસભામાં પોતાના નેતાની પસંદગી પણ કરી શકતી નથી. લોકસભા ચૂંટણીમાં માત્ર ૫૨ સીટો જીતનાર કોંગ્રેસ પાર્ટીને આ વખતે પણ ગૃહમાં નેતા વિપક્ષનો હોદ્દો મળી શક્યો નથી. સતત બીજી અવધીમાં કોંગ્રેસ પાર્ટી આ હોદ્દો મેળવવામાં નિષ્ફળ ગઈ છે. પહેલા એવી ચર્ચા હતી કે પાર્ટી અધ્યક્ષ હોદ્દો છોડી દેવાના મુદ્દા પર રાહુલ ગાંધી મક્કમ બનેલા છે. પરંતુ હવે તેવુ જાણવા મળી રહ્યુ છે કે, રાહુલ ગાંધીના હોદ્દા પર ચાલુ રહેવાના લઈને ભારે દુવિધાની સ્થિતિ રહેલી છે. આવી સ્થિતિમાં લોકસભામાં કોંગ્રેસ પાર્ટીનું નેતૃત્વ કોણ કરશે તેની લઈને ભારે શંકાની સ્થિતિ રહેલી છે. બીજી તરફ ભારતીય જનતા પાર્ટીએ લોકસભામાં પોતાના નાયબ નેતા અને રાજ્યસભામાં નેતાના સંદર્ભમાં નિર્ણય કરી લીધો છે. ભારતીય જનતા પાર્ટીએ પૂર્ણ સંસદીય કારોબારી સમિતિની ટીમની જાહેરાત પણ કરી દીધી છે.

# ત્રાસવાદી કેમ્પ ફુંકી મારવા ભારતનું પુનઃ ઓપરેશન

**મ્યાનમાર સાથે મળીને ઓપરેશન હાથ ધરાયું : મણિપુર, નાગાલેન્ડ, આસામમાં બળવાખોર આતંકવાદી સંગઠનોને ટાર્ગેટ બનાવીને સરહદી વિસ્તારમાં કાર્યવાહી**

નવી દિલ્હી, તા. ૧૬

ભારત અને મ્યાનમારની સેનાએ તેમના સંબંધિત સરહદી વિસ્તારમાં ૧૬ મેથી ત્રણ સપ્તાહ માટે લશ્કરી ઓપરેશન હાથ ધર્યુ છે. મણિપુર, નાગાલેન્ડ, આસામમાં સક્રિય રહેલા કેટલાક આતંકવાદી સંગઠનોને ટાર્ગેટ બનાવીને આ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. સંરક્ષણ સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, મ્યાનમાર સરહદ ઉપર ત્રણ મહિના અગાઉ ઓપરેશન સનરાઈઝનો પ્રથમ તબક્કો હાથ ધરવામાં આવ્યો હતો. આ ઓપરેશન દરમિયાન મોટી સંખ્યામાં ઉત્તર પૂર્વ સ્થિત આતંકવાદી સંગઠનનોના કેમ્પનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. મ્યાનમાર ભારતના વ્યૂહાત્મક પડોશી દેશો પૈકી એક દેશ છે અને તે ઉત્તર પૂર્વ રાજ્યોની સાથે ૧૬૪૦ કિલોમીટરની સરહદ ધરાવે છે. નાગાલેન્ડ અને મણિપુર સહિતના રાજ્યોમાં તેની સરહદો રહેલી છે. ભારતે બંન્ને દેશો વચ્ચે સંકલન જાળવી રાખીને કાર્યવાહી શરૂ કરી દીધી છે. મ્યાનમારમાં સેનાની સાથે મળીને જુદા જુદા વિસ્તારોમાં આતંકવાદી સંગઠનનોના કેમ્પનો પર્દાફાશ કરી દેવામાં આવ્યો છે. કેએલઓ, એનએસસીએન, યુનાટેડ લિબરેશન ફ્રંટ ઓફ આસામ અને અન્ય બળવાખોર સંગઠનોના કેમ્પનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ ઓપરેશન દરમિયાન છ ડઝનથી વધુ આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી છે. તેમના કેમ્પોનો સફાયો થયો છે. આ ઓપરેશન લાંબા સમય સુધી ચાલે તેવી શક્યતા છે. ઈન્ટેલિજન્સ માહિતી અને જમીની પરિસ્થિતિના આધાર પર હવે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. ભારતીય સેના ઉપરાંત આસામ રાઈફલના જવાનો પણ આ ઓપરેશનમાં સામેલ થયા છે.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### મહારાષ્ટ્ર સરકારનું વિસ્તરણ

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે પોતાના મંત્રીમંડળનું બીજી વખત વિસ્તરણ કર્યુ છે. ૧૩ નવા મંત્રીઓએ શપથ લેતા મંત્રીઓની સંખ્યા ૪૮ પર પહોંચી છે. કોંગ્રેસ અને રાકાંપમાંથી છેડો ફાડી ભાજપમાં જોડાનાર બે ધારાસભ્યોને પણ મંત્રીપદ આપવામાં આવ્યું છે.

### કાશ્મીરમાં હાઈ એલર્ટ

જમ્મુ-કાશ્મીરમાં આઈઈડી હુમલાની ધમકી બાદ સુરક્ષામાં વધારો કરી દેવાયો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે આતંકી જાકિર મૂસાની હત્યાનો બદલો લેવા માટે પુનઃ પુલવામાં જેવો હુમલો થઈ શકે છે. પોલીસ અને સેનાના જવાનો તમામ ગતિવિધિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે.

### બિહારમાં ભારે ગરમીથી ૩૦ના મોત

બિહારમાં પ્રચંડ ગરમીએ કહેર મચાવ્યો છે. માત્ર એક જ દિવસમાં ૩૦ લોકોના મૃત્યુ થયા છે. સૌથી વધુ મોત ઔરંગાબાદમાં થયા છે. જ્યાં તાપમાન ૪૩ ડિગ્રી પહોંચ્યુ હતુ.

### યુપીમાં વાયુ પ્રદૂષણ રોકવા ૧૦-૧૦ કરોડનું પેકેજ

કેન્દ્ર સરકાર યુપીના પાંચ શહેરોમાં વાયુ પ્રદૂષણ રોકવા ૧૦-૧૦ કરોડનું પેકેજ આપશે. આ માટે રાષ્ટ્રીય સ્વચ્છ વાયુ કાર્યક્રમ હેઠળ લખનઉ, કાનપુર, વારાસણી, પ્રયાગરાજ અને આગ્રાની પસંદગી કરવામાં આવી છે.

## અયોધ્યામાં ટૂંકમાં જ મંદિર નિર્માણ થશે : ઉદ્ધવ ઠાકરે

**ઉદ્ધવ ઠાકરે ૨૦ સાંસદો સાથે અયોધ્યામાં : મોદી સરકાર આ વખતે મંદિરનું નિર્માણ કરી દેશે : ઉદ્ધવ**



અયોધ્યા, તા. ૧૬

શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે પોતાના પુત્ર આદિત્ય ઠાકરે અને અન્ય ૨૦ સાંસદોની સાથે આજે અયોધ્યામાં રામલલાના દર્શન કર્યા હતા. રામલલાના દર્શન બાદ ઉદ્ધવ ઠાકરે કહ્યું હતું કે, કાયદો બનાવીને અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ કેન્દ્ર સરકાર કરે તે ખુબ જરૂરી છે. ઉદ્ધવ ઠાકરે વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું હતું કે, વહેલી તકે રામ મંદિરનું નિર્માણ કરવામાં આવશે. શિવસેના અધ્યક્ષે કહ્યું હતું કે, તેમને પૂર્ણ વિશ્વાસ છે કે, મોદી સરકાર આ વખતે રામ મંદિરનું નિર્માણ ચોક્કસ પણે કરાવશે. અયોધ્યામાં પત્રકારો સાથે વાતચીત કરતા ઉદ્ધવે કહ્યું હતું કે, હાલમાં મામલો કોર્ટમાં છે. કેન્દ્રમાં મજબુત સરકાર આવેલી છે. અમે તેમની સાથે છે. મોદી પાસે નિર્ણય લેવાનો સાહસ છે. જો સરકાર રામ મંદિર બનાવવા નિર્ણય કરે છે તો તેને કોઈ રોકી શકશે નહીં. શિવસેના વડાએ કહ્યું હતું કે, રામ મંદિર બનીને રહેશે. અમારા માટે રામ મંદિર ચૂંટણીનો મુદ્દો નથી. તેઓ અયોધ્યામાં આવતા રહેશે અને મંદિર પણ બનશે.

## એક રાષ્ટ્ર, એક ચૂંટણી પર ચર્ચા માટે ૧૯મીએ સર્વપક્ષીય બેઠક

ન્યુ દિલ્હી,તા.૧૬

પીએમ મોદીએ એક દેશ, એક ચૂંટણીના મુદ્દા પર ચર્ચા માટે સંસદ ભવનમાં તમામ પક્ષોના રાષ્ટ્રીય અધ્યક્ષોની મીટિંગ બોલાવી છે આ મીટિંગ ૧૯ જૂને થશે. સંસદીય કાર્યમંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું કે, પીએમ મોદી આ બેઠકમાં એક રાષ્ટ્ર, એક ચૂંટણી અને મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ સાથે જોડાયેલાં કાર્યક્રમો અંગે ચર્ચા કરશે. આ ઉપરાંત પીએમ મોદી ૨૦ જૂને લોકસભા અને રાજ્યસભાના તમામ સાંસદોની મીટિંગ બોલાવી છે.

# મોદી સરકારની જળ વ્યવસ્થાપનને અગ્રતા

**દરેક ઘર સુધી પાઈપલાઈનથી પાણી પહોંચાડવા માટે તૈયારી : વિજળી અને શૌચાલય બાદ હવે નવી યોજના તૈયાર : બીજી ઇનિંગ્સમાં કેન્દ્ર સરકાર ગ્રામ્ય ભારતના દરેક ઘર સુધી પાઈપલાઈનથી પાણી પહોંચાડવાના કામ પૂર્ણ કરશે**

નવી દિલ્હી, તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન તરીકે પોતાની પ્રથમ અવધિમાં સ્વચ્છ ભારત મિશનને પોતાની ફ્લેગશીપ સ્કિમ બનાવી હતી. હવે બીજી ઈવિગ્નિસમાં મોદી સરકાર ગ્રામીણ ભારતના તમામ ઘર સુધી પાઈપલાઈનથી પાણી પહોંચાડવાની યોજના પર કામ કરશે. આ યોજના હેઠળ કેન્દ્ર સરકાર પાઈપલાઈન મારફતે પાણીના સપ્લાય અને જળ સંરક્ષણ ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરશે. જળ સંસાધન મંત્રાલયને જળશક્તિ બનાવીને મોદીએ પહેલાથી જ આ બાબતના સંકેત આપી દીધા છે કે આવનાર સમયમાં જળની ઉપલબ્ધતા સરકારની પ્રાથમિકતામાં રહેશે. સૌભાગ્ય યોજના હેઠળ મોદી સરકારે દેશના દરેક ઘરમાં વિજળી પહોંચાડવાના પોતાના લક્ષ્યને હાંસલ કરવામાં સફળતા મેળવી લીધી છે. અલબત હવે દરેક ઘર સુધી સ્વચ્છ પાણી પહોંચાડવા માટે અભિયાન શરૂ કરવામાં આવનાર છે. નિતી આયોગની બેઠકમાં શનિવારના દિવસે મોદી સરકારે એજન્ડાને રજુ કરીને કહ્યું હતું કે,

● અનુસંધાન પાન-૭ પર





**ગાંધીનગર માટે**
આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
**ફક્ત ફોન કરો**
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

**ROOPKALA**
The silver shop
**માત્ર ચાંદીનો શો-રૂમ**
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225